# ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે વરણી

## સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરીતા તેનું હાર્દ છે - વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

ગાંધીનગર, તા.૨૦

૧૫મી વિધાનસભાના પ્રથમ સત્રમાં આજે વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી. પ્રોટેમ સ્પીકર શ્રી યોગેશભાઈ પટેલ દ્વારા વિધાનસભાના અધ્યક્ષ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીના નામનો પ્રસ્તાવ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રજૂ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ માટેના પ્રસ્તાવને સંસદીય અને વૈધાનિક મંત્રી ઋષિકેશભાઈ પટેલે સમર્થન આપતા ગુજરાત વિધાનસભાના પક્ષ-વિપક્ષના તમામ ધારાસભ્યોએ સર્વાનુમતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકરભાઈ ચૌધરીને સમર્થન કરતા વિધાનસભાના અધ્યક્ષ તરીકે પદભાર સંભાળ્યો હતો.

ગુજરાતમાં સંગઠન, સહકાર, સરકાર બાદ હવે બંધારણીય જવાબદારી સ્વીકારીને



ગૃહમાં સૌનો આભાર માનતા અધ્યક્ષ શ્રી ચૌધરીએ કહ્યું હતું કે, સભાગૃહના તમામ સભ્યોશ્રીઓએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તેને હું સંપૂર્ણ ન્યાય આપવા હંમેશાં પ્રયત્નશીલ રહીશ. ભારતમાં સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરીતા તેનું હાર્દ- હૃદય છે. સભાગૃહની ગરિમા અને ગૌરવ જાળવવાની જવાબદારી આપણને સોંપી છે, તેથી વિધાનસભાગૃહનું ગૌરવ અને ગરિમા ઓછી થાય તેવા કોઈપણ કાર્યથી અળગા રહેવાનું અને પ્રજાના હિતને લક્ષમાં રાખીને જવાબદારી નિભાવવાનું ધ્યેય કેન્દ્ર સ્થાને રહે તે આપણા સૌ માટે આવશ્યક છે. આદર્શ આચારસંહિતાનું પાલન સંસદીય કારકિર્દી માટે આધારસ્તંભ છે તેમ આજે વિધાનસભા ગૃહમાં નવા નિમાયેલા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીએ પદભાર સંભાળતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવનિયુકત અભિનદન પાઠવ્યા હતાં. લોકશાહીના મંદીરની ઉજ્જ્વળ પરંપરાઓ જાળવી રાખવામાં નવનિયુકત અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન નિરંતર મળતું રહેશે. ૧૫મી ગુજરાત વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ સંસદીય કાર્યપ્રણાલિકાઓના સંર્વધન માટેનો સુર્વણકાળ બની રહેશે તેવો તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો.

અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, આ વિધાનગૃહ મહાપુરૂષો તથા નવરત્નોનું સાક્ષી રહ્યું છે. અનેક સપૂતોએ આ સભાગૃહને

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યપાલના પ્રવચનની કોપી ન મળતા કોંગ્રેસનો વોકઆઉટ

## વિપક્ષના સભ્યોએ ચર્ચા કરવા ત્રણ દિવસની માગ કરતા અધ્યક્ષે આજના દિવસે ચર્ચાનું સૂચન કર્યુ જેનાથી નારાજ કોંગ્રેસના ૧૭ સભ્યો ગૃહ છોડીને બહાર નીકળી ગયા



ગાંધીનગર, તા.૨૦

આજે વિધાનસભાનું એક દિવસીય સત્ર શરૂ થયું છે. આજે ગૃહમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની વરણી કરવામાં આવી છે. ત્યારે વિપક્ષે પહેલા જ દિવસે ગૃહમાં હોબાળો મચાવ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકાર પર શાબ્દિક પ્રહાર કર્યા હતાં. તેમણે ગૃહમાં કહ્યું હતું કે, અધ્યક્ષની વરણી પ્રક્રિયાથી વિપક્ષ અજાણ છે. વિપક્ષને આ અંગે પૂછવામાં નહીં આવતાં સંસદિય પરંપરા તૂટી છે. બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયએ એવો આક્ષેપ કર્યો હતો કે, રાજ્યપાલના સંબોધનની નકલ આપવામાં આવી નથી. આ દરમિયાન હોબાળો થતાં જ વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. વિપક્ષના સભ્યોએ ચર્ચા કરવા ત્રણ દિવસની માંગ કરી હતી. ત્યારે અધ્યક્ષે આજના દિવસે ચર્ચા કરવાનું સૂચન કર્યું હતું. અધ્યક્ષના નિવેદન બાદ કોંગ્રેસના સભ્યો નારાજ થયા હતાં અને સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસના ૧૭ ધારાસભ્યો ગૃહ છોડીને બહાર નીકળી ગયા હતાં. વિપક્ષના સભ્યોએ અધ્યક્ષના નિર્ણય પર નારાજગી દર્શાવી હતી. વિપક્ષે પહેલા જ દિવસે ગૃહમાં હોબાળો મચાવ્યો છે.

# સ્વચ્છતા સર્વેક્ષણની ટીમે શહેરની સ્વચ્છતાની કામગીરી નિહાળી દિલ્હી જવા રવાના

## ટીમે એમ.આર.એફ. સેન્ટર, ડમ્પીંગ સાઈટ સહિત વિવિધ કામગીરીને નજરે નિહાળી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે આવેલ કેન્દ્રીય ટીમે આજે તેની કામગીરી પૂર્ણ કરી અને દિલ્હી પરત જવા રવાના થઈ હોવાનું જાણવા મળેલ છે.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે આવેલી ટીમે સે. ૭ સ્થિત અને સે. ૨૮ સ્થિત એમ.આર.એફ. સેન્ટરની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેમણે માર્ગમાં આવતા વિવિધ સ્વચ્છતા અંગેના સંકુલોની પણ ઉડતી મુલાકાત લીધી હોવાનું મનાઈ રહ્યુ છે.

આ ટીમે મનપાની હાલની ડમ્પીંગ સાઈટની મુલાકાત લઈ સેગ્રીગેશનની કામગીરી તેમજ સેગ્રીગ્રેટ થયેલા કચરાના નિકાલની કામગીરીનું ખુબ ઝીણવટભરી રીતે પરીક્ષણ કર્યુ હતુ. તેમણે આ બાબતે અધિકારીઓ સાથે બેઠક પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાએ સ્વચ્છતા સર્વેક્ષણ માટે યોજેલ વિવિધ સ્પર્ધાઓ તેમજ સ્વચ્છતા અભિયાનની કેટલીક મહત્વની વાતોની જાણકારી પણ મેળવી હોવાનું જાણવા મળેલ છે.

મનપામાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે બે સભ્યોની ટીમ આવી હતી તેમણે પ્રથમ દિવસો વિવિધ સેક્ટરોની મુલાકાત લીધી હતી એટલુ જ નહિ કેટલાક વિસ્તારોમાં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી ચાલે છે તેની પણ વિગતો સાથે જાણકારી અલગ રીતે મેળવી હતી.

આજે તેમણે એમ.આર.એફ. સેન્ટર સે. ૨૮ તેમજ ડમ્પીંગ સાઈટની પણ મુલાકાત લીધી હતી.

મનપા વિસ્તારમાં બે દિવસના સર્વેક્ષણ બાદ હવે ટીમ તેનો રિપોર્ટ દિલ્હી પહોંચી તૈયાર કરશે અને તેના આધારે રેટીંગ આપવામાં આવશે. મનપા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંગે છેલ્લા ત્રણેક મહિનાથી પૂરજોશમાં

● અનુસંધાન પાન-૭ પર

# આધાર કાર્ડ માટે વધુ ૭ કીટ જિલ્લામાં ફળવાશે

ગાંધીનગર, તા. ૨૦

આધાર કાર્ડની કામગીરીને સઘન બનાવવા માટે જિલ્લામાં વધુ સાત કીટોની ફાળવણી કરવામાં આવશે. આ કીટો ક્યાં કાર્યરત કરવી તે અંગે જિલ્લાતંત્ર દ્વારા હવે પછી નિર્ણય કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. દ્વારા ગઈકાલે આધાર મોનીટરીંગ અંગેની ખાસ બેઠક યોજી હતી.

આ સમીક્ષા બેઠકમાં જિલ્લામાં આધાર કાર્ડની હાલની ચાલી રહેલી કામગીરીને વધુ વેગેલી બનાવવા પર કલેક્ટરે ભાર મુકી કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

મળતી વિગતો પ્રમાણે આધાર કાર્ડ માટે હાલ જે કામગીરી ચાલી રહી છે તેના ભારણને હળવુ કરવા માટે વધુ સાત કીટ ફાળવવામાં આવશે. આંગણવાડીના બાળકોને ઝડપથી આવરી લેવામાં આવે તે માટે પણ જિલ્લા કલેક્ટરે ભાર મુક્યો હતો.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો જે અંતરિયાળ છે ત્યાં વિશેષ કેમ્પો યોજવામાં આવે તેમજ સેવા સેતુ દરમ્યાન આનો લાભ વધુ લોકો લે તેવુ પણ તેમણે સૂચવ્યુ હતુ.

# નવા એમએલએ કવાટર્સ બાંધવા માટે વર્ક ઓર્ડર અપાયો

## ટુંકમાં કામ પણ શરૂ કરાશે : સે-૧૭ માં ૯ માળના ૧૨ ટાવરમાં ૨૧૬ ફ્લેટ ટાઇપ આવાસો બાંધવામાં આવશે : ચાર બેડરૂમ હોલ કીચનના ફ્લેટ ટાઇપ મકાનોને અનુલક્ષી જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે : જગ્યા ખુલ્લી થતા ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં નવા સદસ્ય નિવાસ બાંધવા માટે સે-૧૭ માં હાલ જુના મકાનો તોડવામાં આવી રહ્યા છે. સે-૧૭ માં સાડા ચાર દાયકા જુના છ કક્ષાના અંદાજિત ૧૨૦ જેટલા મકાનો જોખમી હાલતમાં હતા જયારે આ બિન ઉપયોગી મકાનો તોડીને તેના સ્થાને ધારાસભ્યો માટે નવા ફ્લેટ ટાઈપ આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. આ યોજના અન્વયે ૯ માળના ૧૨ ટાવરો બાંધવામાં આવશે. જેના અંતે ૨૧૬ ફ્લેટ ટાઈપ આવાસો બનાવાશે. આ યોજનાને અનુલક્ષી જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે આ યોજનાને અનુલક્ષી વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. જયારે જગ્યા ખુલ્લી થયા બાદ હવે કામ પણ શરૂ કરાશે

ગાંધીનગરમાં સે-૧૭ માં નવા એમ એલ એ કવાટર્સ બાંધવા માટે હાલ જુના અને જર્જિરત મકાનો તોડવામાં આવી રહ્યા છે. આ જગ્યાએ સ્થિત છ કક્ષાના ૧૨૦ મકાનો અંદાજિત ૪૫ વર્ષ જુના છે. જયારે રહેણાંકની દ્રષ્ટીએ પણ લાંબા સમયથી જોખમી અને બિન ઉપયોગી બન્યા હતા. જેને અનુલક્ષી આ જુના અને જોખમી મકાનો તોડી નાંખવાનો પણ નિર્ણય લેવાયો હતો. એમ એલ એ કવાર્ટસ બાંધવા માટે સાઈટ નક્કી થયા બાદ જુના મકાનો તોડવાનુ કામ પણ હવે ટુંકમાં પુર્ણ કરી દેવાશે. જયારે જુના મકનો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થયા બાદ નવા ફ્લેટ

● અનુસંધાન પાન-૭ પર

# નવા વર્ષથી ફોર વ્હીલર અને ટુ-વ્હીલરની કિંમતો વધશે

## મારૂતી, ટાટા, હોન્ડા જેવી મોસ્ટ પોપ્યુલર કારના ભાવો વધશે : જાન્યુઆરીથી જ ભાવ વધારો લાગુ પડશે



ગાંધીનગર, તા. ૨૦

નવી કાર લેવા ઈચ્છનારાઓ માટે થોડાક ખરાબ સમાચાર છે. ભારતની મોટાભાગની કાર કંપનીઓ તેની કારની કિંમતમાં વધારો કરી શકે છે. મારૂતી, ટાટા, હોન્ડા જેવી મોસ્ટ પોપ્યુલર કારની કિંમતો ૩૦ થી ૪૦ હજાર રૂપિયા જેટલી વધી શકે છે.

ફોક્સવેગન અને હોન્ડાએ નવા વર્ષમાં પોતાની કારના ભાવ વધારા અંગે જાહેરાત કરી છે. નવી કિંમતો દરેક મોડેલ રેન્જ પર જાન્યુઆરી ૨૦૨૩થી લાગુ થશે. વધતા જતા ખર્ચના કારણે ભાવ વધારો કરવામાં આવશે તેવુ જણાવાયુ છે. ભારતીય બજારમાં સૌથી વેચાતી અને સૌથી પોપ્યુલર કાર કંપની મારૂતિ સુઝુકીએ પણ ભાવ વધારાની જાહેરાત અગાઉ કરી હતી. આ સાથે જ હુન્ડાઈ, ટાટા મોટર્સ, મર્સિડીઝ, ઓડી, રેનો, કિઆ ઈન્ડિયા અને એમજી મોટર્સે પણ કારની કિંમતોમાં જાન્યુઆરીથી વધારો કરવાની જાહેરાત કરી છે. જર્મન કંપની ફોક્સવેગનની પણ ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્યમાર્ગો પર પસાર થતા વાહનચાલકોને સેકટરોના એપ્રોચ પર વિઝન મળતુ નથી

## એપ્રોચ પાસેના કોર્નરમાં વન વિસ્તારની જગ્યા ખુલ્લી ન હોવાથી માર્ગ સલામતી માટે જોખમી સ્થિતિ : શહેરના મુખ્યમાર્ગો પર ક્રોસ જંકશન પાસે સેન્ટ્રલ વર્જમાં અમલમાં મુકાયેલી યોજનાની જેમ ચોક્કસ જગ્યા ખુલ્લી કરવામાં આવે તે અનિવાર્ય

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર હજુ માર્ગ સલામતી જોખમમાં છે. મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ જંકશન બંધ કરવા માટે હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી જયારે ગતિ નિયંત્રણનો પણ અભાવ વર્તાય છે. આવા સંજોગોમાં અગાઉ ક્રોસ જંકશન પર વાહનચાલકોને યોગ્ય વિઝન મળે તે માટે સેન્ટ્લ વર્જમાં અમુક જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી હતી પરંતુ હાલની સ્થિતિએ હજુ મુખ્યમાર્ગ પરથી અવરજવર કરતા વાહનચાલકોને તેમજ એપ્રોચ માર્ગ પરથી આવતા વાહનોનુ વિઝન મળતુ નથી જેના લીધે આવા પૉઈન્ટ પર માર્ગ સલામતી જોખમાઈ છે. જેને અનુલક્ષી કોર્નર પર સ્થિત વન વિસ્તારમાં અમુક ભાગ ખુલ્લો કરી દેવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતીને અનુલક્ષી અનેક જોખમી પરિબળો ડામવાની અનિવાર્યતા છે. શહેરના મુખ્યમાર્ગો પર એકબાજુ ગતિ નિયંત્રણ જળવાતુ નથી જયારે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે મુખ્ય માર્ગો પર સ્થિત ક્રોસ જંકશન પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થયા છે. ટ્રાફિક પોલીસ અને માર્ગ મકાન વિભાગ કક્ષાએ આ મામલે અનેકવાર માર્ગ સલામતી મામલે બેઠકો પણ યોજવામાં આવી છે. પરંતુ ક્રોસ જંકશનને બંધ કરવાના મામલે હજુ સુધી આયોજન થઈ શકયુ નથી. શહેરમાં માર્ગ અકસ્માતની દ્રષ્ટીએ જોખમી ક્રોસ જંકશનની પણ ઓળખ કરવામાં આવી હતી. પરંતુ શહેરમાં હજુ પૈડા પરની જિન્દગી જોખમી છે. શહેરના સેકટરોના એપ્રોચને ફોરટ્રેક કરવા માટે પણ આયોજન કરાયુ છે.

જયારે રીંગ રોડનુ પણ વાઈડનીંગ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ શહેરના મુખ્યમાર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને હજુ એપ્રોચ માર્ગ પરથી આવતા વાહનો વિઝનમાં આવતા નથી. શહેરના સેન્ટ્રલ વર્જમાં પણ આવી જ સ્થિત હતી જેના લીધે ક્રોસ જંકશન પર સેન્ટ્રલ વર્જમાં અમુક ભાગમાં પ્લાન્ટેશન નહીં કરવાનો નિર્ણય લેવાયો હતો જેના અંતે ટ્રાફિકની અવરજવર વધુ સલામત અને સરળ બની છે. પરંતુ મુખ્યમાર્ગો પરથી સેકટરોના એપ્રોચ તરફ વળવાના ટર્નિંગ પોઈન્ટ પર હજુ આવી જ સ્થિતિ છે. જેના લીધે અનેકવાર અકસ્માતો સર્જાય છે.

મુખ્યમાર્ગ પરથી સેકટરોના એપ્રોચ માર્ગ તરફ જતા વાહનોને વિઝન મળતુ નથી આ કોર્નર પર સાઈડમાં વન આરક્ષિત વિસ્તારની જગ્યામાં પ્લાન્ટેશન કરવામાં આવ્યુ છે. જેના લીધે ઘણાં પોઈન્ટ જોખમી બન્યા છે. આ મામલે સેન્ટ્રલ વર્જની જેમ આ વિસ્તારમાં પણ અમુક જગ્યા ખુલ્લી છોડી દેવા માટે પણ આયોજન કરવાની અનિવાર્યતા છે. આવા વિસ્તારમાં અંદાજિત ૬૦ મીટર જગ્યા ખુલ્લી કરી દેવામાં આવે તો મુખ્યમાર્ગ અને એપ્રોચ રસ્તા પરથી અવરજવર કરતા વાહનચાલકોને યોગ્ય વિઝન મળે તેમજ અકસ્માતોને પણ અટકાવી શકાય. શહેરના મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જમાં પણ અગાઉ આ મુજબનુ આયોજન કરાયુ હતુ તેવી રીતે વન આરક્ષિત જગ્યામાં પણ માર્ગ સલામતીને અનુલક્ષી જગ્યા ખુલ્લી કરવામાં આવે તો માર્ગ સલામતી જળવાય તેમ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

# શહેરના જ-માર્ગ પર ગુલમહોર અને લીમડાના રોપાનુ વાવેતર કરાશે

## શહેરમાં વન આરક્ષિત વિસ્તારની તુટેલી ફેન્સીંગ પણ યોગ્ય કરવા માટે પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૦

શહેરના વન આરક્ષિત વિસ્તાર સહીત સેકટરોની ખુલ્લી જગ્યામાં વનતંત્ર દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જો કે વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગ અને વધતા દબાણો તેમજ ગંદકીના લીધે હરિયાળી સામે ખતરો મંડરાયો છે. જેની સામે પણ સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. વનતંત્ર દ્વારા નગરના જ માર્ગની સુંદરતા નિખારવા માટે ટુંકમાં ગુલમહોર અને લીમડા સહીત વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવશે.

શહેરના જ માર્ગ પર આસપાસની જગ્યામાં પ્લાન્ટેશન કરવા માટે વનંતત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. વનતંત્ર દ્વારા જ-૦ થી જ- ૭ વચ્ચેના રૂટમાં આસપાસના વિસ્તારમાં ગુલમહોર અને લીમડા સહીતના વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરાશે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન અરક્ષિત વિસ્તારમાં પણ વનતંત્ર દ્વારા વરસાદી દિવસો પુર્વે ઉનાળાની ગરમીમાં જ ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરી ખાડા ખોદવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની હાલત અત્યંત ખરાબ છે. ગંદકી અને દબાણોથી ઘેરાયેલા આ વિસ્તારમાં ફેન્સીંગ પણ તુટેલી હાલલતમાં જોવા મળે છે. જેના લીધે હરિયાળી સામે પણ ખતરો મંડરાયેલો છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં યોગ્ય સફાઈ તેમજ ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે પણ અનેકવાર પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે લાંબા સમયથી ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં ઉકરડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. જયારે વન વિસ્તારમાં નવા પ્લાન્ટેશનના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. નીલગાય અને રખડતા ઢોરના ત્રાસના લીધે હરિયાળી પણ વેરાન થઈ જાય છે. શહેરમાં એકબાજુ વિકાસ કામોના નામે અનેક વૃક્ષોનો ખાતમો થઈ રહ્યો છે. ત્યારે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી માટે સમયાંતરે આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના જ માર્ગ પર પણ આ મુજબ નવા રોપાઓની વાવણી કરાશે જેમાં ગુલમહોર અને લીમડા સહીતના વિવિધ પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવશે. જ માર્ગ પર આગામી દિવસોમાં ગુલમહોર સહીતના સુંદરતામાં વધારો કરતા રોપાઓના ઉછેરનુ આયોજન કરવામા આવ્યુ હોવાથી માર્ગની રોનક નિખરી ઉઠશે.

# ગામોમાં સબ પ્લોટીંગ કરીને કરાયેલા બાંધકામ બદલ કાયદેસરની કાર્યવાહી કરાશે

## મંજુરી વિના આવી વૃત્તિ-પ્રવૃત્તિ વધતા ગુડાનું તંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની મંજુરી વિના જ ગ્રામ્ય વિસ્તારમાં સબ પ્લોટિંગ કરીને પ્લોટના વેચાણની સ્કીમો તથા તેવી જ રીતે સબ પ્લોટ પાડીને મકાન બાંધકામ કરવાની વૃતિ પ્રવૃત્તિ વધી છે ત્યારે પરવાનગી વગરના બાંધકામો તોડી પાડવા હવે તંત્ર હરકતમાં આવ્યું છે જમીન ઓનલાઈન એનએ કરાવીને જિલ્લા પંચાયતની રજા ચિઠ્ઠી લઈ ને છેતરપિંડી કરવામાં આવી રહી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે

ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળની હદમાં આવતા ગામડાઓમાં તંત્રની કોઈ જ મંજુરી લીધા વગર જ બિન અધિકૃત રીતે સબ પ્લોટિંગ કરવામાં આવ્યા બાદ તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે જયારે પ્લોટ્સમાં સતામંડળની મંજુરી મેળવ્યા વગર જ બાંધકામ પણ કરવામાં આવી રહ્યાનું તથા આવા બાંધકામ અલગ અલગ તબક્કામાં ચાલી રહ્યા હોવાનું પણ ધ્યાનમાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું, કે ગુડા વિસ્તારમાં જનરલ એગ્રીકલ્ચર ઝોન અને પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોન નિયત કરાયા છે જયારે વિસ્તારમાં જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનની જોગવાઈ મુજબ સબ પ્લોટિંગ મળવાપાત્ર નથી. એગ્રીકલ્ચર ઝોનમાં પ્લોટની સ્કીમ મુકી હોય અથવા બાંધકામ કરવામાં આવી રહ્યું હોય તો પણ ત્વરિત અસરથી કામગીરી બંધ કરી દેવા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White
THE WHITEST WHITE CEMENT
VINAYAK 500
ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com